# Vivekanand Academy, Gandhinagar
# Sector - 22
# Day to Day Current Affairs

 22th March, 2015

**૧) આદિલ સુમારીવાલ :–**

– તાજેતરમાં બેઈજિંગમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય એથ્લેટ સંગઠનની બેઠકમાં ભારતના આદિલ સુમારીવાલાને આ પરીષદમાં સ્થાન આપવામાં આવ્યું છે.

– આ કાઉન્સિલમં સામેલ થયેલા તેઓ ચોથા ભારતીય છે.

– વિશ્વભરમાંથી આવેલા ૩૯ નામમાંથી નવની પસંદગી કરવાની હતી. જેમાં આદિલને સ્થાન મળ્યું.

– આદિલ પોતે એથ્લેટ રહી ચૂકયા છે અને ઓલિમ્પિકમાં તેમણે ૧૦૦ મીટર દોડમાં ભાગ લીધો હતો.

– તેઓ અર્જુન પુરસ્કારથી સન્માનીત થયા હતા.

**૨) "અમદાવાદ – અ સિટી ઈન ધ વર્લ્ડ" :–** પુસ્તક

– પુસ્તકના લેખીકા :– અમ્રિતા શાહ

**૩) વાઈબ્રન્ટ સૌરાષ્ટ્ર સમિટ :–**

– વર્ષ – ૨૦૧૬માં સૌરાષ્ટ્રમાં વાઈબ્રન્ટ સૌરાષ્ટ્ર સમિટનું આયોજન થશે.

– આ આયોજન ૮ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન રાજકોટ ખાતે થશે.

– આ સમિટમાં દેશ વિદેશમાંથી ૨૫૦ થી વધુ ઉદ્યોગપતિઓ તથા ડેલીગેશન જોડાશે તેમજ સમિટને સફળ બનાવવા ૧૪ દેશમાં રોડ શો નું પણ આયોજન કરવામાં આવશે.

**૪) મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ – ૨૦૧૫ :–**

– આવતા મહિને ૨૪મી વાર્ષિક મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ સૌદર્ય સ્પર્ધાનું આયોજન મુંબઈ ખાતે કરવામાં આવશે.

– આ સ્પર્ધામાં ૩૫ દેશોની યુવતીઓ સામેલ થશે. જેની ફાઈનલ ૫ સપ્ટેમ્બરે યોજાશે.

**૫) સાઉદી અરેબિયામાં પહેલીવાર મતદાયાદીમાં સ્ત્રીઓનો સમાવેશ :–**

– તાજેતરમાં સાઉદી અરેબિયામાં સરકાર દ્વારા મહિલાઓને મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં મતદાન કરવા મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો.

– મકકાની સફીનાઝ અબુ અલ શામત અને મદીનાની જમાલ અલ સાદી સાઉદી અરેબિયામાં મત આપનાર પહેલી મહિલાઓ બનશે.



Vivekanand Academy, Gandhinagar